ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ અંક : ૫૨ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૬-૧૨-૨૦૧૩, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### આર્યશ્રેષ્ઠી શ્રી હરેશભાઈ અઢિયાના લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ થતાં

## રાજકોટ ખાતે આચાર્ય જ્ઞાનેશ્વરજીની નિશ્રામાં 'વૈદિક સ્નેહ સત્સંગ સમારોહ' યોજાયો

રાજકોટ

રાજકોટ સ્થિત આર્યસમાજ હાથીખાનાના સદસ્ય અને વૈદિક મહાસભાના રાજકોટના સનિષ્ઠ, કર્મઠ કાર્યકર શ્રી હરેશભાઈ અઢિયાએ તેમના લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરી ૨૬ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગે ગત તા. ૨૨મી ડિસેમ્બરના રોજ રાજકોટ ખાતે વૈદિક સ્નેહ સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આર્યસમાજ હાથીખાનાના સહયોગથી યોજવામાં આવેલા આ સત્સંગના કાર્યક્રમમાં સમગ્ર ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક ઉત્તરપ્રદેશ વગેરે રાજયોમાંથી પણ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



શ્રી હરેશભાઈના ધર્મપત્નિ શ્રીમતી દક્ષાબેને આ કાર્યક્રમના આયોજનનો ઉદ્દેશ સમજાવતા જણાવ્યું હતું કે, આજે સમાજમાં વડિલોની સતત ઉપેક્ષા થઈ રહી છે અને તેઓ તેમના કુટુંબી-સગા-સંબંધી વડિલોના આશિર્વાદ મેળવવા તથા તેમનું સન્માન કરવા કૃતસંકલ્પ હતા. અને આ તો વડિલોના આશિર્વાદ લેવાનું અને તેમને સન્માનવાનું એક માત્ર બહાનું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડિલોના આશીર્વાદ, પ્રેમ અનો હુંફથી જ અમે લગ્નજીવનના ૨૫ વર્ષ ખૂબ જ સુખરૂપે પસાર કર્યા છે. કુટુંબના દરેક સભ્યએ તેમાં યોગદાન આપ્યું હતું તેને પણ તેમણે યાદ કર્યું હતું.





આ પ્રસંગે ગાંધીધામના વૈદિક પ્રચાર શ્રી ચંદ્રેશજી આર્ય પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણ્ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં અઢિયા દંપતિને પોતાના આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, લગ્ન કરતાં પહેલાં જન્મપત્રિકાને બદલે જીવનપત્રિકા જોવી જોઈએ. લગ્ન કરનારના વિચારો સમાન હોવા જોઈએ તો જ લગ્ન જીવન સફળ થાય છે. તેમણે ગૃહસ્થજીવન વિશે જણાવ્યું હતું કે, જે વ્યક્તિના બાળકો સંસ્કારી નથી, આજ્ઞાકારી નથી તેઓ ગૃહસ્થજીવનમાં નાપાસ છે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંસારમાં બગાડની શરૂઆત ઘરથી જ થાય છે. દરેક ગૃહસ્થે પોતાના ઘરને આદર્શ પરિવાર બનાવવા પ્રયાસ કરવો જોઈએ. ગૃહસ્થી ત્યારે જ શ્રેષ્ઠ છે જયારે તે ગૃહસ્થના નિયમોનું પાલન કરે છે. તેમણે અંતમાં જણાવ્યું હતું કે જેઓ એકબીજાને સમજતા નથી તેમણે લગ્ન ન કરવા જોઈએ.

વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડના આચાર્ય જ્ઞાનેશ્વરજી દંપતિને આશીર્વાદ આપવા ખાસ પધાર્યા હતા. તેમણે આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે, વિવાહ એ એક પરિક્ષા છે. અને ગૃહસ્થ જીવન એ ધૈર્યની પરિક્ષા સમાન છે. જે કુટુંબમાં દ્વેષ, કલશ હોય તે કુટુંબ ધાર્મિક ન કહેવાય. તેમણે ઈશ્વરના સાચા સ્વરૂપને જાણવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, જે લોકો ઈશ્વરનું સાચુ સ્વરૂપ જાણે છે તેઓ સુખી છે અને આનંદિત છે. ઈશ્વરની ભક્તિ માટે માત્ર મંદિરમાં જવાની જરૂર નથી ઘરમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો પ્રેમ-વ્યવહાર જરૂરી છે. આપણે ઈશ્વર સાથે સંબંધ ન જોડી શકવાને કારણે આપણે અપાર શક્તિ, આનંદ મેળવી શકતા નથી. માત્ર પુજા-પાઠ કરવાથી વ્યક્તિ ધાર્મિક બની જતો નથી તે કર્મથી ધાર્મિક બને છે. તેમણે જીવનના લક્ષ્ય બાબતે સમજાવતા કહ્યું હતું કે, આપણા જીવનનું લક્ષ્ય આપણા જીવનને દુઃખરહિત બનાવવાનું હોવું જોઈએ. તેમણે ઉપસ્થિત લોકોને દરરોજ આત્મનિરિક્ષણ કરવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે ભજનોપદેશનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.





આ પ્રસંગે હરેશભાઈ તથા દક્ષાબેન દ્વારા કુટુંબના તમામ વડિલો તથા સ્નેહીજનોનું શાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## વાનપ્રસ્થ સાધક આશ્રમના બ્રહ્મચારીઓએ ગૌરવ વધાર્યુ

રોજડ

આર્યોની ગરિમય સંસ્થાન વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડમાં અનેક વિધ પ્રકલ્પ ચાલતા રહે છે. એમાં ધ્યાન-યોગ શિબિરોનું આયોજન, વૈદિક સિદ્ધાંત અને પ્રેરણા યુકત પુરસ્તકોનું પ્રકાશન, ગુજરાતના આર્યોનું સ્નેહ મિલન, સ્નાતકોના સ્નેહ-મિલનમાં વિદ્વાનો દ્વારા વૈદિક સિદ્ધાંતો ઉપર ચર્ચા, આચાર્ય જ્ઞાનેશ્વરજી દ્વારા વિભિન્ન પ્રાંતોમાં ક્રિયાત્મક યોગ અને યજ્ઞ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન, અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્ર, આર્ષ ગુરુકુલ વગેરે છે.



આશ્રમના એકાંત અને શાંત વાતાવરણમાં આર્ષ ગુરુકુલનું સંચાલન આચાર્ય જ્ઞાનેશ્વરજીના નિર્દેશાનુસાર વ્યાકરણ તથા દર્શનના સુયોગ્ય વિદ્વાન સન્યાસી સ્વામી મુક્તાનંદજી કરી રહ્યા છે. આર્યો તથા સંસ્કૃત પ્રેમીઓ માટે પ્રસન્નતા તથા ગૌરવની વાત છે કે આ નવોદિત ગુરુકુલના ચાર છાત્રોને રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન દિલ્લી દ્વારા શાસ્ત્રીય સ્પર્ધામાં ગુજરાતના રાજય કક્ષાના આયોજનમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ આયોજન ગત તા. ૩૦મી નવેમ્બર થી ૨જી ડિસેમ્બર સુધી શ્રી ભારતી આશ્રમ જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું.

(૧) બ્ર. વિમલ (૧૪ વર્ષ)એ અષ્ટાધ્યાયી કર્મપાઠમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમને સંસ્કૃત સંસ્થાન તરફથી સુવર્ણ પદક અને આર્થિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.અત્રે એ ઉલ્લેખનિય છે કે બ્ર. વિમલજી તમામ સ્પર્ધકોમાં સૌથી નાના હતા.

(૨) બ્ર. દિલીપજી એ વ્યાકરણ ભાષણ પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાને આવીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. એમનું ૬ મિનિટનું ભાષણ, નિર્ણાયકોના પ્રશ્નોના ઉત્તર પરીભાષેન્દુશેખરના ગ્રંથ ઉપર આધારિત હતા. બ્ર. દિલિપજીના ઉત્તર સાંભળીને એક નિર્ણાયકે તો બ્ર.ને વ્યુત્પન્ન મતિની ઉપાધી પ્રદાન કરી હતી.

(૩,૪) બ્ર. સંતોષ અને બ્ર. સત્યેન્દ્રએ ભારતીય દર્શનોમાં મોક્ષના સ્વરૂપ પર યોજવામાં આવેલ ગોષ્ઠીમાં ભાગ લઈ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને રજત ચંદ્રક ઉપરાંત રોકડ ઈનામ પણ મેળવ્યું હતું.

વિજેતાઓની ઘોષણા કરતાં સંચાલકે કહ્યું હતું કે વાનપ્રસ્થ સાધક આશ્રમના વિદ્યાર્થીઓએ પ્રથમ વખત જ ભાગ લીધો છે અને તેઓ પ્રથમ ક્રમે રહ્યા છે અને તેનાથી ખબર પડે છે કે ત્યાં અતિ ઉત્તમ પ્રકારનું પઠન-પાઠનનું કાર્ય થઈ રહ્યું છે. તેમણે આગલા વર્ષે વધુને વધુ બ્રહ્મચારીઓને લઈ આવવા સ્વામી મુક્તાનંદજીને અનુરોધ કર્યો હતો. સ્વામી મુક્તાનંદજીએ આગામી વર્ષની સ્પર્ધા વાનપ્રસ્થ સાધક આશ્રમ ખાતે યોજવા માટે પ્રસ્તાવ મુક્યો હતો.

પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર બ્ર. દિલિપ તથા બ્ર. વિમલ અખિલ ભારતીય શાસ્ત્રીય સ્પર્ધામાં ભાગ લેવા આગામી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ ભોપાલ ખાતે જશે.

### ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા

## ડી.એન. હાઈસ્કુલ ખાતે 'અષ્ટાંગ યોગ શિબિર' સંપન્ન

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા 'અષ્ટાંગ યોગ શિબિર'નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ૧૫ દિવસની આ શિબિર આણંદની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ડી.એન. હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં હાઈસ્કુલના ધોરણ ૧૧ના ૬ વર્ગના લગભગ ૩૨૫ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. યોગ શિબિરનું સંચાલન યોગ નિષ્ણાંત અને સંસ્થાન અંતરંગ સદસ્ય શ્રી કેતનભાઈ જે. પટેલ (નાવલી) દ્વારા સવારે ૬ : ૦૦ થી ૭ :૩૦ દરમ્યાન દરરોજ કરવામાં આવતું હતું આ શિબિરમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને શારીરિક વ્યાયામ-આસન-પ્રાણાયામ-ધ્યાન વગેરેનું સઘન પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.





યોગશિબિરનો સમાપન સમારોહ ડી.એન. હાઈસ્કુલના મહાત્મા ગાંધી પ્રાર્થના હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદના પ્રમુખ શ્રી કનકસિંહજી એમ. વાઘેલા, અંતરંગ સભ્ય શ્રી રાજેન્દ્રસિંહજી જે. રાજ, તથા વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર એમ. આર્યએ હાજરી આપીને ભાગ લેનાર દરેક શિબિરાર્થી વિદ્યાર્થી ભાઈ-બહેનોને સંસ્થા વતી પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે ડી. એન. હાઈસ્કુલની લાયબ્રેરી માટે સંસ્થા તરફથી પ્રેરણાપ્રદ વૈદિક સાહિત્યના બાવીસ પુસ્તકોનો સેટ ભેંટ આપવામાં આવ્યો હતો. યોગ શિબિરથી વિદ્યાર્થીઓ ખૂબ પ્રભાવિત હતા અને આ પ્રકારની શિબિર ફરીથી યોજવા વિનંતી કરવામાં આવી હતી.





ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com

## આર્યસમાજ ઘાટકોપરના પૂર્વ પ્રધાન શ્રી મોહનલાલ વેલાણીનું દેહાવસાન

આર્ય સમાજ ઘાટકોપર (મુંબઈ)ના પૂર્વ પ્રધાન શ્રી મોહનલાલ વાલજી વેલાણીનું ગત તા. ૨૪મી ડિસેમ્બરના રોજ દેહાવસાન થયેલ છે.

મુળ કચ્છના લુડવા ગામના વતની એવા શ્રી મોહનલાલ વાલજી વેલાણી વૈદિક ધર્મ પ્રત્યે અત્યંત શ્રદ્ધા ધરાવતા હતા.

અભિપૂજિતલાભાંસ્તુ જુગુપ્સેતૈવ સર્વશઃ ।
અભિપૂજિતલાભૈશ્ચ યતિર્મુક્તોઽપિ બદ્ધ્યતે ॥

मनुस्मृति ५८(३६)

**અને વધુ પડતા આદર-સત્કારથી મળતી ભિક્ષા કે બીજા સર્વે લાભોની હંમેશા ઉપેક્ષા કરવી કારણ કે વધુ પડતા આદર-સત્કારથી મળતી ભિક્ષા કે લાભોથી, મુક્ત સંન્યાસી પણ વિષયોના બંધનોમાં ફસાઈ જાય છે.**

**તંત્રી સ્થાનેથી....**

# સુશાસનથી સુરાજ્યની દિશામાં અગ્રેસર : ગુજરાત

ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગુજરાતમાં એક વર્ષનું શાસન પૂર્ણ થયું છે. ગુજરાતના પ્રેમ અને વિશ્વાસથી સતત ચોથીવાર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારનું યશસ્વી એક વર્ષ સફળતાપૂર્વક સંપન્ન થયું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત વિકાસમાં અગ્રેસર રહ્યું છે. અને અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. છેલ્લા એક વર્ષમાં ૮૭ જેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. ૫૯૭૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કોમ્પ્યુટર શિક્ષણ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ વર્ષે સરકાર દ્વારા એક નવતર પ્રયોગના ભાગરૂપે 'પડકાર' અંતર્ગત દોઢ લાખથી વધુ યુવતીઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે.

ગુજરાત સરકારની વિવિધ ક્ષેત્રની કામગીરીને રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કક્ષાથી માંડી પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. આમાં આંતરરાષ્ટ્રીય એવોર્ડ - ૨૪, માન. વડાપ્રધાનશ્રી તરફથી મળેલા એવોર્ડ - ૭, ભારત સરકારના વિભાગો તરફથી મળેલા એવોર્ડ - ૮૨, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મેગેઝીનો-મિડીયા દ્વારા મળેલા એવોર્ડ - ૨૯ અન્ય સંસ્થાઓ તરફથી મળેલા એવોર્ડ - ૧૪૩. આમ લગભગ ૨૮૫ જેટલા એવોર્ડ આપણને પ્રાપ્ત થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૧૨ થી વધુ વર્ષથી એક પણ કોમી રમખાણ થયું નથી. જે એક વિશેષ સિદ્ધિ છે. અને ગુજરાતનો વિકાસદર સતત વધી રહ્યો છે. ગુજરાત સતત વિકાસપથ પર ચાલતું રહે તે માટે સનદી અધિકારીઓ પણ સતત પ્રયત્નશીલ છે. સમગ્ર વહિવટીતંત્ર વાયબ્રન્ટ થઈ ગયું છે. આપણે ઈચ્છીએ કે આ વિકાસયાત્રી સતત આગળ વધત્તી રહે અને ગુજરાતના લોકોનું જીવનધોરણ ઉંચું આવે.

# માત્ર ભણી-ભણાવી લેવાથી મનુષ્યની અવિદ્યાની ગાંઠો ખુલી જતી નથી

**वेदवाणी**

**- અવધેશપ્રસાદ પાંડેય ( ગાંધીનગર)**

**यो जागार तमृचः कामयन्ते यो जागार तमु सामानि यन्ति ।**
**यो जागार तमयं सोम आह तवाहमस्मि सख्ये न्योकाः ॥**

**- ऋ. ५/४४/१४**

(य : जागार) જે જાગે છે, (तम् ऋचः कामयन्ते) તેને ઋચાઓ ચાહે છે. (यः जागार) જે જાગે છે (तम् उ सामानि यन्ति) તેને જ સામ પ્રાપ્ત થાય છે. (यः जागार) જે જાગે છે, (तम् अयं सोमः आह) તેને આ સોમ પ્રભુ કહે છે - (अहं तव सख्ये) હું તારી મિત્રતામાં (न्योकाः अस्मि) નિરંતર રહેનારો છું.

'જાગવા' નો અર્થ છે - સાવધાન થવું. જે મનુષ્ય સાવધાન રહે છે, તે જ સંસારમાં ઉન્નતિ કરી શકે છે. વેદ કહે છે - **य : जागार तमृचः कामयन्ते** - જે જાગે છે તેને ઋચાઓ ચાહે છે. 'ઋચા' નો મૂળ અર્થ છે 'સ્તુતિ'. સંસારમાં જાગનારાઓની બધા પ્રશંસા કરે છે. સુઈ જનારાઓની સર્વદા નિંદા કરવામાં આવે છે. 'ઋચા' નો અહીં સંકેત 'ઋગ્વેદ' સમજવો જોઈએ. ઋગ્વેદમાં તૃણથી લઈ બ્રહ્મપર્યન્ત બધા પદાર્થોનું જ્ઞાન બીજરુપમાં નિરોપિત છે. જાગનારો બધું જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકારી બની જાય છે.

વાત બિલકુલ સાચી છે. જાગનારો પોતાની ચારે તરફ સચેત મનથી જુએ છે. જે જે પદાર્થ તેની સમક્ષ આવે છે, તે તે પદાર્થનું રહસ્ય તે બરાબર જાણવા ઈચ્છે છે અને તે માટે તે યત્ન કરે છે.

જાગનારો જગત અને તેના પદાર્થોનું પ્રયોજન શોધવા લાગે છે. તર્કથી, અનુસંધાનથી, અન્વેષણથી, શાસ્ત્રથી તેને નિશ્ચય થાય છે કે આ સમસ્ત સંસાર આત્મા માટે જ છે. તે જગતની રચના જુએ છે કે જડ પદાર્થ બીજાઓ માટે છે, તેનું પોતાનું કોઈ પ્રયોજન નથી. તે એ પણ અનુભવ કરે છે કે જેમાં જેટલું જ્ઞાન ઓછું છે, તેટલો જ તે બીજા વધુ જાણનારાના હાથની કઠપુતલી બને છે. આ દ્રશ્યને જોઈ તે અજ્ઞાન-નિવારણ અને જ્ઞાનોપાર્જનમાં ઘોર પરિશ્રમ કરે છે અને અનેક પ્રકારના જ્ઞાન-વિજ્ઞાનદાયક શાસ્ત્રોનો અભ્યાસ કરી મહાજ્ઞાની બને છે. આ બધું જાગવાનું, આંખ ખુલી રાખવાનું સુપરિણામ છે, તેથી જ તો વેદે કહ્યું છે - **य : जागार तम् ऋचः कामयन्ते ।**

સંસારમાં અનેક જ્ઞાની એવા હોય છે જે ભણી-ગણીને પણ અશાંત રહે છે, તેના ચિત્તની ચંચળતા, તેના મનનો ઉદ્વેગ ઓછો થતો નથી. જેમકે - છાન્દોગ્યોપનિષદ્‌માં નારદની દશાનું વર્ણન આવે છે. નારદ વેદાદિ શાસ્ત્ર ભણીને પણ અશાંત છે. સનત્કુમાર મુનિના શરણમાં આવી તે તેને ઉપદેશ આપવા પ્રાર્થના કરે છે. સનત્કુમારજી કહે છે - જ્યાં સુધી એ જ્ઞાન ન થઈ જાય કે તું શું જાણે છે, ત્યાં સુધી તને ઉપદેશ શું આપું ? પંડિત નારદ કહે છે - 'મહારાજ ! મેં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, વ્યાકરણ, ઈતિહાસ,પુરાણ, પિત્ર્ય, રાશિ, દેવ, નિધિ,વાકોવાક્ય, એકાયન, દેવવિદ્યા, બ્રાહ્મણત્વ-સંપાદક વિદ્યા, ભૂતવિદ્યા, ક્ષત્રવિદ્યા, નક્ષત્રવિદ્યા, સર્પવિદ્યા, વેદજનવિદ્યા - આ બધા શાસ્ત્રો મેં ભણ્યા છે, પરંતુ મહારાજ ! આ બધું ભણ્યા છતાં પણ હું કેવળ મંત્રવિત્ છું, આત્મવિત્ નહિ. મેં આપ જેવા મહાપુરુષોથી જાણ્યુ છે કે "આત્મજ્ઞાની શોકથી પર જઈ જાય છે", પરંતુ હું તો શોકમગ્ન છું. મહારાજ! મને શોકનિમગ્નમાંથી પાર કરો.'

નારદજીના આ કથનથી સ્પષ્ટ થાય છે કે ફક્ત ભણી-ભણાવી લેવાથી મનુષ્યની અવિદ્યાની ગાંઠો ખુલી જતી નથી. હ્રદયપુષ્પ ખીલવા માટે તો કંઈક વિશેષ કરવું આવશ્યક છે. આથી જ સનત્કુમારે નારદને કહ્યું - 'નારદ ! તું જે ભણ્યો છે તે બધું નામ છે, શબ્દમાત્ર છે.'

નારદ જાગૃત હતો, તેથી ખૂબ જીજ્ઞાસા વ્યક્ત કરી. છેવટે ભગવાન સન્તકુમારે નારદને દોષરહિત કરી અંધકારમાંથી પાર કરી દીધો. આ ભાવને લઈ વેદ કહી રહ્યો છે -

**यो जागार तमु सामानि यन्ति ।**

જે જાગે છે, તેને જ સામ=શાંતિ પ્રાપ્ત થાય છે. જાગૃત થયેલો પુરુષ નિરંતર પ્રયત્ન કરે છે. તે ભણેલ વિદ્યાનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરે છે. પુરુષાર્થ કરીને તે પરમ શાંતિધામને પ્રાપ્ત કરી લે છે અને પોતાનો આચાર-વ્યવહાર-આહાર આદિ સુધારી લે છે. તેને બોધ થઈ જાય છે કે આહારનો મન પર ખૂબ પ્રબળ પ્રભાવ પડે છે.

**आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ।**
**स्मृतिप्रतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोचः ॥**

**- छा.उ. ३/७/२५/२**

ભોજનની શુદ્ધિથી બુદ્ધિ નિર્મળ થાય છે, બુદ્ધિની નિર્મળતાથી સ્મૃતિ નિશ્ચલ થાય છે, સ્મૃતિની નિશ્ચલતાથી બધી ગાંઠો ખુલી જાય છે.

**ધર્મના નામે ગમે તે વિચારોનો ફેલાવો કરી સમાજને અવિદ્યાના માર્ગે લઈ જનારા રાષ્ટ્ર-સમાજદ્રોહીઓને ન્યાયપુર્વક કઠોર દંડ મળવો જોઈએ.**

જ્યારે બુદ્ધિ મલિન થઈ જાય છે, ત્યારે તેમાં ચંચળતા રહે છે. બુદ્ધિ શુદ્ધ થયે મન શાંત થઈ જાય છે અને પછી તે પ્રત્યેક પદાર્થનું બરાબર મનન કરી શકે છે. પદાર્થોનું મનન કરવાથી તેને પ્રત્યેક પદાર્થમાં પરમાત્માનું દર્શન થવા લાગે છે. પરમાત્માનું દર્શન થવાથી કોઈપણ પ્રકારની ગાંઠ રહેતી નથી. યજુર્વેદ ૪૦/૭ માં ખૂબ સુંદર શબ્દોમાં આ તત્વને સમજાવ્યું છે -

**यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः**
**तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥**

જે અવસ્થામાં જ્ઞાનીને એ ભાન થઈ જાય છે કે પરમાત્મા બધા પદાર્થોમાં વ્યાપક છે, આવા સાક્ષાત્કારી જ્ઞાનીને કેવો શોક અને કેવો મોહ ?

કેવળ શબ્દો ભણી લેવાથી શોક-મોહ દૂર થતા નથી, સાક્ષાત્કાર કરવાથી જ દૂર થાય છે. સાક્ષાત્કાર અજાગૃત પુરુષને થઈ શકે નહિ. જાગનારને જ સાક્ષાત્કાર થાય છે અને તેને જ શાંતિ મળે છે. આથી વેદની ઉક્તિ કેટલી સાર્થક છે - **यो जागार तमु सामानि यन्ति ।**

શાંતિ તો ભગવદ્દર્શનથી પ્રાપ્ત થાય છે. ભગવાનને શોધવા માટે અહીં-તહીં ભટકવાની આવશ્યકતા નથી. વેદ ભગવાન આ જ તો કહે છે - **यो जागार तमयं सोम आह तवाहमस्मि सख्ये न्योकाः ।** જે જાગે છે તેના માટે ભગવાનનું અને તેનું ઠેકાણું એક જ છે.

જ્યારે બધા પદાર્થોમાં ભગવાન વિરાજમાન છે, ત્યારે તેના આત્માની અંદર પણ છે. તો શા માટે અહીં-તહીં ભટકે ? જે જાગે છે, જે સાવધાન છે તે જ સદાય પોતાની અંદર તેના દર્શન કરી શકે છે. આથી જાગતા રહો. જેને કંઈક પ્રાપ્ત કરવાની જીજ્ઞાસા છે તેના માટે જાગતા રહેવું જ ઉચિત છે.




વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# ઉપદેશ કથા

## આસક્તિમાં મનુષ્ય આંધળો બની જાય છે

એક આનુ સરખું સુંદર ગામ છે. ગામનું નામ છે ચંદ્રપુર. આ ગામમાં એક શેઠ રહે છે. આ શેઠનું નામ છે ચમનલાલ. શેઠ ભારે લોભી. ચમડી તૂટે પણ દમડી ન છૂટે. આ શેઠને પૈસામાં બહુ જ આસક્તિ. આ પૈસા માટે શેઠ ગમે તેમ ઘરાકને છેતરે. વ્યાજ વટાઉ કરે. ચારે બાજુથી પૈસા પૈસા બસ પૈસા જ. કહે છેને કે અતિલોભ પાપનું મૂળ. પૈસા કમાવાની ઘણી જ ફાવટ પણ પૈસા ક્યા સારા કાર્યોમાં વાપરવા તેની બિલકુલ સમજ નહિં. પૈસામાં એટલી બધી આસક્તિ કે તે રુપિયાની નોટોની થોકડી બનાવી માથે કવર ચડાવી ઓશીકું બનાવે. રાત્રે-દિવસે જ્યારે આરામ કરે ત્યારે આ ઓશીકાનો જ ઉપયોગ કરે.

ધન ધનને ખેંચી લાવે. શેઠ દરેક કામમાં મહેનત પૂરેપૂરી કરે. એટલે કમાણી પણ ખૂબ જ થાય. આટલું હોવા છતાં પોતે તથા ઘરના પેટ પુરતું ખાય નહીં. તો પછી બીજીને તો શું ખવડાવે. આ પૈસા પાછળની એટલી બધી આસક્તિ કે સૂતા ઉઠતા તેના મનમાં બસ પૈસા પૈસાના જ વિચારો. પૈસો મારો પરમેશ્વર. આસક્તિ મનુષ્યને આંધળો બનાવી દે છે.આ પૈસાની આસક્તિથી ઘેરાયેલા શેઠ કદી મંદિરે દર્શન કરવા ન જાય, પાંચ પૈસા દાન-પૂણ્યમાં ન વાપરે. ન યજ્ઞ યોગ કરે ન કથા કિર્તનમાં રસ લે.

શેઠાણી ભારે ધર્મપ્રિય રોજ યજ્ઞમાં ભાગ લે, કથા કિર્તન, સત્સંગમાં પણ જાય. ઘરે પણ યજ્ઞ કરે, દાન-પૂણ્ય કરે. સત્સંગની એક દિવસની રજા પાળવી શેઠાણીને પરવડે નહિં. કથા દિલ દઈ સાંભળે.

એક દિવસની વાત છે. ચાર-પાંચ મિત્રો વાતોએ વળગ્યા. આ કથા શું છે. મને તો મહારાજ કાંઈ ગપ્પુ જ હાંકતા હોય તેમ લાગે છે. એક સત્સંગી ભાઈએ કહ્યું કથામાં તો અમૃતના ઘુંટડા પીવા મળે. અહાહા... શું મજા આવે. ભાઈ કથામાં કોઈક દિવસ તો આવો. આ શેઠ પણ ત્યાં બેઠેલા. તેને પણ અમૃતના ઘુંટડા પીવાનું મન થયું.

એક દિવસની વાત છે. શેઠને ત્યાં બેચાર મહેમાનો આવ્યા. શેઠાણી કથા સાંભળવા જતા હતાં. શેઠ કહે આજે તમે કથામાં ન જાઓ. મહેમાન માટે રસોઈ બનાવો. શેઠાણી કહે છે કે મહેમાન ભલે આવે, મારે તો કથા સાંભળવા જવું છે. મહેમાનોને મોડા જમાડીશું. હું કથામાંથી આવી રસોઈ બનાવીશ. શેઠ કહે ના,ના. આજે શેઠને સાચી બુદ્ધિ આવી હોય તેમ કહે, ના, ના, તમે રસોઈ બનાવો હું કથામાં મહેમાનોને લઈને જાઉં છું. શેઠ કથામાં મહેમાનોને લઈને ગયા પણ કથામાં બિલકુલ રસ નહિં. પરંતુ મફતમાં મળતા અમૃતના ઘુંટડા પીવામાં રસ હતો. તે વિચારવા લાગ્યા ક્યારે અમૃતના ઘુંટડા પીવા મળે. આમ તેને કથામાં કંટાળો આવવા લાગ્યો. ત્યાં એક મોટું બગાસું આવ્યું. થુ..થુ...થુ.. આ તો અમૃત બહુ જ ખારું છે. તેને થયું અમૃતનો ઘુંટડો હશે ? અરેભાઈ અમૃતના ઘુંટડા ક્યાં રેઢા પડ્યા છે. ઉપરથી બિલાડું... પી... કર્યું. ને ભાઈ તો થયા ઘર ભેગા. આવા નિરસ માનવીને અમૃતના ઘુંટડા કથામાં ક્યાંથી મળે. કથા સાંભળવામાં આસક્તિ હોય તો મળેને. માત્ર પૈસા ભેગા કરવામાં જ આસક્તિ, તેને શું મળે?

થોડા દિવસ થયાં શેઠ બિમાર પડ્યા, ખૂબ જ બિમાર રહ્યાં. તાવ-શરદીમાં શેઠ ઘેરાઈ ગયા. દુકાન એક દિવસ પણ બંધ ન રાખે. આ તાવની ઉપાધીમાં દુકાન અઠવાડીયું બંધ રહી. શેઠાણી ચિંતા કરે. ડોક્ટરને બોલાવવાની મનાઈ. શેઠાણીને વિચાર આવ્યો ગામમાં એક ઘાંચણ રહે. તે ડામ દે છે. તેના ડામથી ગમેતેવી બિમારી જતી રહે છે. શેઠાણીએ તે ઘાંચણને બોલાવવા એક બાઈને મોકલી. ગાંગલી ઘાંચણ તો ગામની બજારમાંથી નીકળી બોલતી જાય, જોયું મારા જેવી ઘાંચણની પણ આવા મોટા શેઠને કેવી જરૂર પડે છે બોલો... આમ બોલતી ઘાંચણ શેઠને ઘરે આવી. શેઠાણીએ શાંતિથી પાસે બેસાડી. શેઠની બિમારીની બધી વાત કરી. તે કહે હું તપાસીને કહું. તે શેઠને તપાસવા લાગી. બોન, શેઠને તો ખૂબ જ કફ ભરાઈ ગયો છે. તે તાવથી ઘેરાઈ ગયા છે. તમે કહો તો શેઠને વીસ ડામ દેવા પડશે તો જરૂર સારું થઈ જશે. શેઠાણી કહે ડામ દેવાનો શું ખર્ચ લેશો. ઘાંચણ કહે વીસ ડામના પાંચ રૂપિયા લઈશ. અરે ! પાંચ રૂપિયા..? ત્યાં શેઠ તાવના ઘેનમાં જ લવારો કરવા લાગ્યા. ના, ના મને તો પાંચ રૂપિયામાં પચીસ ડામ દે તો જ લેવા છે. ઘાંચણે ના પાડી કહ્યું કે હું મારો ભાવ નહીં બગાડું. પરંતુ શેઠાણી માની ગયા. શેઠાણીએ સગડી પેટાવી, ઘાંચણ મોટો સળીયો લાવી હતી. તે સગડીમાં લાલચોળ તપાવ્યો. તે શેઠને તેણે પેટે કરેલા નિશાન પર ઝટપટ ડામ દેવા લાગી. શેઠ તો ઉંચા નીચા થાય, રાડો નાંખે. આમ વીસ ડામ દેવાઈ ગયા. ઘાંચણે જેવો સળીયો નીચે મુક્યો ત્યાં શેઠે સળીયો લઈ તપાવી પાંચ ડામ જાતે લઈ લીધાં. બોલો, આવા ચુનિલાલ શેઠને તમે કદી જોયા છે, સાંભળ્યા છે. બિચારી, ઘાંચણ તો બજારમાં જતા જતા આખે રસ્તે કહેતી જતી હતી કે ચુનિયાએ મુવાએ મારો ભાવ બગાડ્યો. પાંચ રૂપિયામાં પચીસ ડામ લઈ લીધા. મુઓ ચુનિયો. આમ બજારમાં જતા જતા કહેવા લાગી. આમ ચુનિલાલ શેઠની કિંમત ચુનિયાની થઈ. કામ, ક્રોધ, લોભ પાપનું મૂળ છે તો આસક્તિ શેનું મૂળ છે.

જો આ સક્તિ હૈ,
મગર જા નહિં સક્તિ,
વો હૈ આસક્તિ, વો હૈ
આસક્તિ..

**-કંચનબેન બુદ્ધદેવ, મોરબી**

# ગૃહસ્થ જીવન માટે સુખ શાંતિના ઉપાયો

**લેખક : બ્ર. પ્રશાંત આર્ય** **અનુવાદ : શ્રીમતી નીતા રાણા**

### વિધિપક્ષ

૧. નિત્ય પ્રતિ સવારે અને સાંજે ઈશ્વરની ઉપાસના-ધ્યાન-જપ-ચિન્તન કરવું.
૨. પ્રતિદિન યજ્ઞ (હવન)નું અનુષ્ઠાન કરવું.
૩. પતિ-પત્ની, સાસુ-સસરા, માતા-પિતા આદિની સેવા કરવી તથા તેમનું સન્માન કરવું.
૪. ઘરમાં સાત્વિક ભોજન બનાવી તેમાં ઘી નાંખીને અગ્નિમાં દસ આહુતિ પ્રદાન કરવી.
૫. ગાય-બળદ, કુતરા-બિલાડી, પક્ષી આદિ જીવો તથા ગરીબ, અનાથ, દીન-હીન લોકોને અન્નય આદિ પ્રદાન કરવું.
૬. ઘરમાં પધારેલા વિદ્વાન, અતિથિ આદિની યથાશક્તિ સેવા-સત્કાર કરવા.
૭. પ્રતિદિન કોઈને કોઈ ધાર્મિક સંસ્થાનો, આશ્રમો, ગુરૂકુળો, ગૌશાળાઓ માટે પોતાની પવિત્ર કમાણીનો કેટલોક ભાગ દાન માટે બચાવી દર મહિને મોકલી આપવો.
૮. પોતાના પરિવારજનો, સંબંધિઓ, પડોસીઓ સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો તથા સ્વયં પ્રસન્નતાથી રહેવું.
૯. પોતાના સંતાનોને ધાર્મિક, પરોપકારી, ઈશ્વરભક્ત બનાવવા માટે ઉચિત શિક્ષણ આપવું તથા અપાવવું.
૧૦. પ્રતિદિન ધાર્મિક-આધ્યાત્મિક ગ્રન્થોનો સ્વાધ્યાય કરવો.
૧૧. એકપત્નિવ્રત/એકપતિવ્રત ધર્મનું તન-મન-વચનથી પાલન કરવું અને સહનશીલ બનવું.
૧૨. પોતાના સંતાનો અને પરિવારના અન્ય સંતાનો સાથે સમાન વ્યવહાર કરવો.
૧૩. હંમેશા સત્ય, મધુર અને હિતકારી બોલવું.
૧૪. સ્વયં ઓછામાં ઓછું ધાર્મિક-આધ્યાત્મિક ગ્રન્થો અને સારા સાહિત્યને વાંચી શકે એટલી વિદ્યા તો અવશ્ય પ્રાપ્ત કરવી.
૧૫. પોતાની વ્યક્તિગત, પારિવારીક ઉન્નતિ કરતા કરતાં સામાજિક, રાષ્ટ્રીય ઉન્નતિ માટે પણ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

### નિષેધપક્ષ

૧. પોતાની તથા પરિવારજનોની નાસ્તિકતા, અવૈદિકતા અને અંધવિશ્વાસને દૂર કરવો.
૨. માંસ, માછલી, ઈંડા વગેરે ખાવા નહીં, ક્યારેય ઘરમાં મંગાવવા નહીં, પકાવવા નહીં, પીરસવા નહીં અને ક્યારેય તેની ખરીદી કે વેચાણ કરવા નહીં.
૩. પતિદેવ/ધર્મપત્નીને સમસ્ત બુરાઈઓથી જેવી કે નશાપાન, માંસાહાર, વ્યભિચાર આદિ અધર્માચરણથી પ્રેમપૂર્વક રોકવા અને તેને કુસંગતિથી બચાવવા.
૪. ક્યારેય પોતાના પતિદેવ/ધર્મપત્ની અને અન્ય પરિવારજનો સાથે ઝઘડો-કલેહ કરવો નહીં.
૫. નિન્દા-ચુગલી, ઈર્ષ્યા-દ્વેષ, હિંસા, જૂઠ આદિથી દૂર રહેવું.
૬. વ્યર્થ ખર્ચા અર્થાત્ અનાવશ્યક ખર્ચ અને ફેશનબાજીથી દૂર રહેવું.
૭. ભૌતિક સુખ-સુવિધાઓની વૃદ્ધિ હેતુ અન્યાય, અધર્મ દ્વારા કમાણી કરવા માટે ક્યારેય પોતાના પતિદેવ/ધર્મપત્નીને પ્રેરીત ન કરો. સ્વયં પણ એવી કમાણી ન કરો.
૮. કામ, ક્રોધ, લોભ, અહંકાર, મિથ્યાભિમાન આદિ દોષોને દૂર કરો.
૯. કઠોર, કર્કશ, દુઃખદાયી વાણી ન બોલો અને ક્યારેય પતિદેવ/ધર્મપત્નીનું અપમાન પણ ન કરો.
૧૦. પોતાની અવિદ્યા, અશિક્ષા, અજ્ઞાનતાને દૂર કરો.
૧૧. સ્વયંમાં રહેલી સ્વાર્થમયી, ભોગમયી વૃત્તિઓને નષ્ટ કરો.
૧૨. પોતાના સંતાનોને કુમાર્ગ, કુસંગથી બચાવો.
૧૩. સ્વયંના સંતાનોમાં અનુશાસનહીનતા, ઉચ્છૃંખલતા, ઉદ્દંડતા, નાસ્તિકતા અને અસંયમને નિયંત્રિત કરો, રોકો.
૧૪. પોતાના સંતાનોને ગંદી ફિલ્મો, દૂરદર્શન (ટી.વી.) આદિનાં ગંદા કાર્યક્રમો જોતા, વ્યર્થ ખેલકુદ, આવારાગીરી કરતાં રોકો.
૧૫. પોતાના બાળકો તથા પરિવારના અન્ય બાળકોમાં છળ-કપટયુક્ત, ભેદભાવ પૂર્ણ વ્યવહાર ન કરવો.

# यो भूतं च भव्यं च सर्वं यश्चाधितिष्ठति। स्वर्यस्य च केवलं तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः।।

(अथर्ववेद)

**व्याख्यान** – (**यो भूतं च भव्यं च**) जो परमेश्वर भूत, भविष्यत् व वर्तमान इन तीनों कालों के बीच में जो कुछ होता है, उन सब व्यवहारों को यथावत् जानता है। (**सर्वं यश्चाधितिष्ठति**) तथा जो सब जगत् को अपने विज्ञान से ही जानता, रचता, पालन करता व लय करता है और संसार के सब पदार्थों का अधिष्ठाता अर्थात् स्वामी है। (**स्वर्यस्य च केवलं**) जिसका केवल निर्विकारसुख स्वरूप है, जिसमें दुःख का लेश मात्र भी नहीं है और जो मोक्ष व व्यवहार सुख का भी देने वाला है। (**तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः**) ज्येष्ठ अर्थात् सबसे बड़ा सब सामर्थ्य से युक्त ब्रह्म जो परमात्मा है उसको अत्यन्त प्रेम से हमारा नमस्कार हो। जो कि सब कालों के ऊपर विराजमान है उस आनन्दघन परमेश्वर को हमारा नमस्कार प्राप्त हो।
(ऋ.भा.भू. ईश्वरप्रार्थनाविषय)

**यस्य भूमिः प्रमान्तरिक्षमुतोदरम्।**
**दिवं यश्चक्रे मूर्द्धानं तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः।।**
(अथर्ववेद)

**व्याख्यान** – (**यस्य भूमिः प्रमा**) जिस परमात्मा के होने और ज्ञान में भूमि जो पृथिवी आदि पदार्थ प्रमा अर्थात् यथार्थज्ञान के साधन के रूप में विद्यमान हैं तथा जिसने अपनी सृष्टि में पृथ्वी को पादस्थानी रचा है। (**अन्तरिक्षमुतोदरम्**) अन्तरिक्ष अर्थात् पृथ्वी और सूर्य के बीच में जो आकाश है उसको ईश्वर ने उदर स्थानी किया है (**दिवं यश्चक्रे मूर्धानम्**) और जिसने अपनी सृष्टि में दिव अर्थात् प्रकाश करने वाले पदार्थों को सबके ऊपर मस्तक स्थानी किया है अर्थात् जो पृथ्वी से लेके सूर्यलोकपर्यन्त सब जगत् को रच के उसमें व्यापक होके, जगत् के सब अवयवों में पूर्ण होके सब को धारण कर रहा है, (**तस्मै ज्येष्ठाय०**) उस ब्रह्म को हमारा अत्यन्त नमस्कार हो।
(ऋ.भा.भू. ईश्वरप्रार्थनाविषय)

**यस्य सूर्यश्चक्षुश्चन्द्रमाश्च पुनर्णवः।**
**अग्निं यश्चक्र आस्यं तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः।।**
(अथर्ववेद)

**व्याख्यान** – (**यस्य सूर्यश्चक्षुश्चन्द्रमाश्च पुनर्णवः**) जिस परमेश्वर ने सूर्य व चन्द्रमा को नेत्रस्थानी किया है, जो कल्प कल्प के आदि में सूर्य और चन्द्रमादि पदार्थों को वारंवार नये-नये रचता है (**अग्निं यश्चक्र आस्यं**) और जिसने मुख स्थानी अग्नि को उत्पन्न किया है, (**तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः**) उसी ब्रह्म को हम लोगों का नमस्कार हो।
(ऋ.भा.भू. ईश्वरप्रार्थनाविषय)

**यस्य वातः प्राणापानौ चक्षुरङ्गिरसोऽभवन्।**
**दिशो यश्चक्रे प्रज्ञानीस्तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः।।**
(अ.कां. १०/सू.७/मं.३४)

**व्याख्यान** :- (**यस्य वातः प्राणापानौ**) जिस परमेश्वर ने ब्रह्माण्ड के वायु को प्राण और अपान की नाई किया है, (**चक्षुरङ्गिरसोऽभवन्**) तथा प्रकाश करने वाली सूर्य की किरण को चक्षु की नाई जिसने किया है अर्थात् उनसे ही रूपग्रहण होता है (**दिशो यश्चक्रे प्रज्ञानीः**) जिसने दस दिशाओं को व्यवहारों को सिद्ध करने वाला बनाया है (**तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः**) ऐसा जो अनन्तविद्यायुक्त परमात्मा सब मनुष्यों का इष्टदेव है, उस ब्रह्म को निरन्तर हमारा नमस्कार हो।
(ऋ.भा.भू. ईश्वरप्रार्थना विषय)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदीप**
**१८** संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
उपाध्याय, दर्शन योग महाविद्यालय, रोजड

**टिप्पणी** :- (क) ईश्वर मनुष्यों को प्रस्तुत मन्त्रों के माध्यम से उपदेश देते हैं कि हे मनुष्यों ! मैं परमेश्वर सर्वज्ञ, सर्वस्वामी, सृष्टिकर्ता, धर्ता, प्रलयकर्ता, सांसारिकसुखमोक्षसुखप्रदाता, सर्वशक्तिमान् व सबसे बड़ा हूँ। मैंने ही पृथ्वी, सूर्य, अन्तरिक्ष, नक्षत्र, अग्नि, वायु, आदि अद्भुत पदार्थों का निर्माण किया है। अतः तुम मेरी आज्ञाओं को जानकर उनका यथावत् पालन करो। इससे तुम्हारे सब कष्ट, क्लेशादि दूर होंगे।

(ख) यथार्थविज्ञान व उसके साधन को 'प्रमा' कहते हैं। परमेश्वर ने हमें यथार्थ विज्ञान होने के लिये पृथिवी, बुद्धि आदि पदार्थ साधन के रूप में प्रदान किये हैं।

ईश्वर, जीव व प्रकृति आदि पदार्थों के यथार्थ ज्ञान या तत्त्वज्ञान से ही जीवात्मा सब दुःखों से छूटता है अन्यथा नहीं। (क्रमशः)

## સર્વ પ્રાણીઓ સાથે સર્વદા વેરભાવ છોડીને પ્રેમની ભાવના રાખવી તે યોગાભ્યાસની શરૂઆત છે

વ્યવહાર

૨૯. આંતરિક શુદ્ધતા તથા પવિત્રતાની અપેક્ષાએ બાહ્ય શુદ્ધતા તથા પવિત્રતાનું અધિક ધ્યાન રાખવું. વિષયોમાં આસક્તિ, ભોગ-પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે, આ યોગમાં બાધક છે.

૩૦. જો કોઈ પોતાના સંસ્કારોને કારણે સારું જાણતો હોવા છતાં ખરાબ કાર્યમાં પ્રવૃત્ત થાય તો તે દુઃખરૂપ ફળથી બચી શકતો નથી, કારણ કે પાપનું ફળ દુઃખ જ હોય છે. જેમ ચોર ચોરીને ખરાબ માને છે છતાંય છોડતો નથી તેમ જે વિદ્વાન પ્રકાશમાં સારાને સારૂં માને છે છતાં પણ સારુ કાર્ય કરતો નથી અને ખરાબને જાણીને તેનો ત્યાગ કરતો નથી તો તે પણ ચોર સમાન છે.

**સત્યોપદેશ**
ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૨



૩૧. જેમ ગાય પોતાનાં તાજા જન્મેલ વાછરડાને પોતાના પ્રાણથી પણ અધિક પ્રેમ કરે છે, ચાહે છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓ સાથે સર્વદા વેરભાવ છોડીને પ્રેમની ભાવના રાખવી તે યોગાભ્યાસની શરૂઆત છે. આપણે આપણું પરિક્ષણ કરવું જોઈએ કે આપણે આ કસોટી પર કેટલા ખરા ઉતરીએ છીએ બાકી લોકોની વાત તો દૂર રહી, આપણી સાથે રહે છે તેમની સાથે કેવો વ્યવહાર કરીએ છીએ તે નિરીક્ષણ કરતાં રહેવું જોઈએ.

૩૨. ઈશ્વર આપણા માતા,પિતા, ગુરુ, આચાર્ય તેમ જ રાજા છે. આપણે સર્વ તેમના સંતાન, શિષ્ય અને પ્રજા છીએ. તેથી આપણા સૌના એક ઈશ્વર જ સર્વસ્વ (માતા-પિતા આદિ) છે તો પછી વેરભાવ શા માટે રાખવો ? ન્યાય-દર્શન પણ આ વાત જ કરે છે કે આપણે એવો વેરભાવ રાખીશું તો દંડના ભાગીદાર બનીશું કારણ કે પ્રેમની ભાવના રાખવી તે ઈશ્વરની આજ્ઞા છે.

૩૩. સગા ભાઈઓમાં પરસ્પર મનમાં ઉન્નતિની ભાવના, પ્રેમ હોય છે, તેવો વ્યવહાર યોગાભ્યાસીઓમા સર્વ પ્રત્યે હોવો જોઈએ. આ યોગાભ્યાસમાં સાધક છે, બાધક નહિ. મૂળમાં ઈશ્વર આપણા સર્વના માતા-પિતા છે તેથી 'વસુધૈવ કુટુંબકમ' ની ભાવનાએ સર્વ ભાઈ-ભાઈ થયા તેથી તેવો વ્યવહાર હોવો જોઈએ. (ક્રમશઃ)

## ફોટો ગેલેરી

### સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્ ગાંધીનગર દ્વારા સેવાકીય પ્રવૃત્તિ





ગાંધીનગર સ્થિત સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ઠુઠવાતા શ્રમજીવી પરિવારોને ગરમ ધાબળાનું વિતરણ ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાં કરવામાં આવ્યું હતું. ધાબળા વિતરણના આ કાર્યક્રમમાં સર્વ શ્રી અરવિંદ રાણા, મહેન્દ્ર ગાંધી, લક્ષ્મણભાઈ પારસીયા, લક્ષ્મણભાઈ પટણી, ગમનભાઈ પટેલ, કિરીટભાઈ ઠક્કર તથા નરસીભાઈ પટેલે સેવા આપી હતી.

**ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફ્સ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.
ફોન- (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

# બુદ્ધિ વિરૂદ્ધ મુહૂર્તની માન્યતાએ આપણા દેશની અધોગતિ કરવામાં ખૂબ જ મોટો ભાગ ભજવ્યો છે

**આર્યસમાજની માન્યતાઓ**
લેખક : ગજાનંદ આર્ય **૧૮** અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

**તીર્થ-વ્રત**

મનુષ્યના જીવનવિકાસ માટે વ્રત-પાલન ખૂબ જ જરૂરી છે. વેદ કહે છે :

**વ્રતેન દીક્ષામાપ્નોતિ દીક્ષયાપ્નોતિ દક્ષિણામ્ ।**
**દક્ષિણા શ્રદ્ધામાપ્નોતિ શ્રદ્ધયા સત્યમાપ્યતે ॥**
**- યજુર્વેદ (૧૯.૩૦)**

અર્થાત્ સત્યને પામવા માટે 'વ્રત' એક સીડી છે. કોઈ નિયમનું પાલન કરવા માટે જે દૃઢ સંકલ્પ લેવામાં આવે છે તેને 'વ્રત' કહે છે. આર્યસમાજ વ્રતને ખૂબ જ જરૂરી માને છે, પરંતુ આજકાલ વ્રતના નામે જે ઉપવાસ વગેરે કરવાનો આડંબર વધી ગયો છે તેને આર્યસમાજ માનતો નથી. હા, જો પેટમાં અજીર્ણ હોય અથવા ભૂખ ન લાગી હોય તો તેવા સંજોગોમાં તો ઉપવાસ જરૂર કરી શકાય છે.

તીર્થનો અર્થ થાય છે : જેનાથી જીવન દુઃખરૂપ સમુદ્રને તરી જઈને સુખ પ્રાપ્ત કરે છે, તેનું નામ 'તીર્થ' છે. માટે અગ્નિહોત્ર (હવન) થી લઈ અશ્વમેધ પર્યંત યજ્ઞોનું યોગ્ય રીતે અનુષ્ઠાન કરવું એ જ સાચું તીર્થસ્નાન છે, કારણ કે આવાં કર્મોથી સંસારનો મહાન ઉપકાર સિદ્ધ થઈ શકે છે અને સુખની પ્રાપ્તિ થાય છે. વેદાદિ સત્ય શાસ્ત્રો પણ તીર્થરૂપ છે કારણ કે તેનું અધ્યયન પણ સુખની પ્રાપ્તિ કરાવે છે. માતા-પિતા અને આચાર્ય પણ તીર્થરૂપ છે, કારણ કે તેમની સેવા કરવાથી આપણું જીવન ધન્ય બને છે. માટે જલ-સ્થળ વગેરેને તીર્થ માનવાની પાછળ કોઈ જ કારણ નથી, કારણ કે તેમાં મનુષ્યને તારવા કે ઉગારવાની કોઈ જ શક્તિ હોતી નથી. વળી આ 'તીર્થ' શબ્દ તો કરણકારણયુક્ત છે, જ્યારે જલ, સ્થળ વગેરે તો અધિકરણ અને કર્મકારક છે. તેમ તરવા માટે નાવ, હાથ, પગ વગેરેના પ્રયત્નો કામમાં આવે છે, માટે જલ, સ્થળ વગેરે તારનારાં નથી. આમ આર્યસમાજની દૃષ્ટિએ જેનાથી દુઃખસાગરથી પાર ઉતરાય છે તેનું જ નામ તીર્થ છે. આર્યસમાજ સત્યભાષણ, વિદ્યા, સત્સંગ, યમાદિ યોગાભ્યાસ, પુરુષાર્થ, વિદ્યાદાનાદિ શુભ કર્મોને જ તીર્થ માને છે, જલસ્થલાદિને નહીં.

**મુહૂર્ત**

કોઈ કાર્યનો આરંભ કરવા માટે, કોઈ યાત્રા માટે પ્રસ્થાન કરવા માટે તેમ જ કોઈ સંસ્કાર કરાવતી વેળા જે સમય અને તિથિ વગેરેનો નિર્ધાર કરવામાં આવે છે તે જ 'મુહૂર્ત' છે. આર્યસમાજનાં મુહૂર્તો પંચાગની રાશિ અને ગ્રહોની ગણતરી પર આધારિત નથી હોતાં. આવાં આયોજનોમાં સંકળાયેલી વ્યક્તિઓની અનુકૂળતા, ઋતુ વગેરેને ધ્યાનમાં રાખીને, પરસ્પર વિચારવિમર્શ કર્યા બાદ મુહૂર્ત કાઢવામાં આવે છે. પંચાંગ વગેરેના આધારે ફલિત જ્યોતિષીઓ તેમજ પંડિતો દ્વારા કાઢવામાં આવતાં મુહૂર્તો પર આર્યસમાજને બિલકુલ આસ્થા નથી. આર્યસમાજ અનેક ઐતિહાસિક તથ્યોની મદદથી કહે છે કે, આ પ્રકારની બુદ્ધિવિરુદ્ધ મુહૂર્તની માન્યતાએ આપણા દેશની અધોગતિ કરવામાં ખૂબ જ મોટો ભાગ ભજવ્યો છે.

**ત્રૈતવાદ**

સૃષ્ટિની રચના ત્રણ અનાદિ કારણોથી થાય છે. પ્રથમ કારણ છે : પ્રકૃતિ અર્થાત્ જગતને બનાવવાની સામગ્રી. આ પ્રકૃતિ જડ છે. તેને 'ઉપાદાન કારણ' કહે છે. ઉપાદાન કારણ ન હોય તો કંઈ જ બની શકતું નથી. ઉપાદાન કારણ અવસ્થા-ભેદથી બને છે અને બગડે છે.

સૃષ્ટિનું બીજું કારણ 'સાધારણ કારણ' કહેવાય છે. જીવ આ સૃષ્ટિનું સાધારણ કારણ છે. ઈશ્વર દ્વારા રચિત આ સૃષ્ટિના અનેક પદાર્થો લઈને જીવ વિવિધ પ્રકારની ક્રિયાઓ અને આવિષ્કાર આદિ કરે છે. પ્રજનન આદિમાં જીવ 'સાધારણ નિમિત્ત કારણ' છે.

સૃષ્ટિનું ત્રીજું કારણ ઈશ્વર છે, જેને 'નિમિત્ત કારણ' કહેવામાં આવે છે. નિમિત્ત કારણ તેને કહેવામાં આવે છે કે જેના બનાવવાથી વસ્તુ બને અને ન બનાવવાથી ન બને. પોતે બને નહિ (અર્થાત્ પોતે રૂપાંતરમાં ન આવે) પરંતુ બીજાને રૂપાંતરમાં લાવે. ઈશ્વર આ સૃષ્ટિની રચના, ધારણ અને પ્રલય કરે છે.

આ ત્રણ કારણો વગર સૃષ્ટિનો કોઈ નિયમ ચાલી શકતો નથી. ઉદાહરણ તરીકે : એક ઘડો બનાવવામાં માટી ઉપાદાન કારણ છે, દંડ ચક્ર વગેરે સાધારણ કારણ છે, અને કુંભાર નિમિત્ત કારણ છે.

ઈશ્વરે પરમાણુરૂપ જડ પ્રકૃતિમાંથી જ્ઞાનપૂર્વક આ જગતની રચના કરી છે. જીવાત્માઓને કર્મ કરવાનો તેમ જ કર્માનુસાર ફળ પામવાનો અવસર પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી સર્વનિયંતા જગદીશ્વરે આ સૃષ્ટિ નિર્માણ કરી છે.

**વિજ્ઞાન**

સૃષ્ટિ 'ઋત'થી અર્થાત્ નિયમબદ્ધતાથી ચાલી રહી છે. તેનું સૌથી મોટું ઉદાહરણ વિજ્ઞાન છે. વિજ્ઞાન જે રીતે સુનિશ્ચિત ફોર્મ્યુલાઓ અપનાવીને પોતાની શોધખોળ કરતું રહે છે, અને આવી ફોર્મ્યુલાઓ પર તેને જે અતૂટ વિશ્વાસ છે, તેને જ આ સૃષ્ટિ તેમ જ તેના રચયિતા પરનો ઊંડો વિશ્વાસ માની શકાય છે. પરંતુ ધર્મ અને ઈશ્વરના સંબંધમાં અનેક ચમત્કાર ભરેલી વાતો જોડી દેવામાં આવી હોઈ આવા કહેવાતા ધર્મ પ્રત્યે વૈજ્ઞાનિકો ઉદાસીન થવા માંડે એ સ્વાભાવિક જ હતું.

આર્યસમાજ વિજ્ઞાનને ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અનુકૂળ માને છે. સાચો ધર્મ અને વિજ્ઞાન બંને સાથે મળીને ચાલે છે, બંને એકબીજાના પૂરક છે.

**➤ આર્યસમાજ સત્યભાષણ, વિદ્યા, સત્સંગ, યમાદિ યોગાભ્યાસ પુરુષાર્થ, વિદ્યાદાનાદિ શુભ કર્મોને જ તીર્થ માને છે, જલસ્થલાદિને નહીં.**

**સૂર્યગ્રહણ-ચંદ્રગ્રહણ**

ઈશ્વર આ સૃષ્ટિનું નિયમબદ્ધ સંચાલન કરે છે. સાથે સાથે તેણે મનુષ્યને જ્ઞાન આપવાની પણ અનુપમ કૃપા કરી છે. રાત-દિવસના વિભાગો, પ્રતિદિન સૂર્યોદય અને સૂર્યાસ્તનો પરિવર્તિત થતો રહેતો સમય, ઋતુઓનું ચક્ર-આ બધાનો હિસાબકિતાબ મનુષ્યે પોતાના જ્ઞાનભંડારમાં રાખી મૂક્યો છે. આજના ખગોળશાસ્ત્રીઓ પાસે આકાશમાં કરોડો માઈલ દૂર ચમકતા તારાઓની ગતિવિધિઓનું જ્ઞાન ઉપલબ્ધ છે. સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી વગેરે પદાર્થોની ગતિનો સચોટ હિસાબ આપણા વૈજ્ઞાનિકો પાસે છે. આ પ્રાકૃતિક નિયમો એટલા બધા અટલ અને શાશ્વત છે કે ખગોળશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકો પોતાના ક્ષેત્રમાં પરીક્ષણ કરતી વેળા તે અંગે કોઈ પણ પ્રકારનો સંશય કરતા નથી. સૃષ્ટિ-સંબંધી પરીક્ષણોમાં આ ક્ષેત્રના નિષ્ણાતોથી ભૂલચૂક અને ત્રુટિઓ તો સંભવી શકે છે, પરંતુ નક્ષત્ર વગેરે પદાર્થોના ગતિક્રમમાં કોઈ પણ પ્રકારનું વ્યવધાન પડતું નથી.

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ પણ આ સૃષ્ટિના શાશ્વત નિયમોનો જ પ્રકાશ કરે છે. સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી ત્રણેય પોતાની ગતિ દરમ્યાન અમુક ચોક્કસ સ્થિતિમાં આવે છે ત્યારે ગ્રહણ થાય છે. જ્યારે સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર આવી જાય છે, ત્યારે સૂર્યગ્રહણ થાય છે, અને જ્યારે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવી જાય છે, ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. આ બધું ખૂબ જ નિયમિત અને અટલ રીતે થાય છે. આથી સેંકડો વર્ષ પૂર્વ થયેલાં અને ભવિષ્યમાં સેંકડો વર્ષો પછી થનારાં ગ્રહણોનો સમય ગણિતના જ્ઞાનથી જાણી શકાય છે.

આપણા ઋષિમુનિઓએ આ ગણિત આધારિત જ્યોતિષનો ખૂબ જ વિકાસ સાધ્યો હતો. પરંતુ સમય જતાં કેટલાક સ્વાર્થી વિદ્વાનોએ આ સત્યવિદ્યાનો ઉપયોગ લોકોને ઠગવા માટે કર્યો. તેમણે ગ્રહોના પરસ્પર ઝઘડાઓ વિષે અને ગ્રહોની વ્યક્તિવિશેષ પર કોપાયમાન થવાની કલ્પિત વાતો પર ગ્રંથો લખી નાખ્યા. સૂર્ય ભગવાન અને ચંદ્ર દેવતાને બચાવવાના કે તેને પ્રસન્ન કરવાના બહાને સ્વાર્થી લોકો ભોળી ધર્મભીરુ પ્રજાનું અનેક પ્રકારે શોષણ કરવા લાગ્યા. પરિશ્રમ વગેરે ત્યજી દઈને લોકો કીર્તન કરવાના બહાને મેળાઓ કરવા મંડ્યા. આ રીતની ઠગાઈ અને છેતરપિંડી દ્વારા કરાવવામાં આવતાં દાન અને કીર્તનને આર્યસમાજ ધાર્મિક પ્રદૂષણ માને છે. આર્યસમાજની દૃષ્ટિએ ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ મનુષ્યના જીવન માટે કોઈ રીતે બાધારૂપ કે અશુભ ઘટના નથી. એ તો સૃષ્ટિની એક અતિ સામાન્ય અને અનિવાર્ય પ્રક્રિયા છે. તેને નિમિત્ત બનાવીને ભોળી જનતાને છેતરવા માટે કરવામાં આવતાં તમામ કર્મકાંડો વ્યર્થ અને નિરર્થક છે.

**સૃષ્ટિ અને યુગ**

એક સૃષ્ટિનું આયુષ્ય ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ છે. સૃષ્ટિ આટલાં વર્ષો સુધી બની રહે છે. પછી તેનો પ્રલય થાય છે. પ્રલય પછી ફરી સૃષ્ટિ બને છે. પ્રલયની અવધિ પણ એટલી જ છે જેટલી સૃષ્ટિની. સૃષ્ટિ અસ્તિત્વમાં હોય તેને બ્રહ્મદિન કહે છે અને પ્રલયને બ્રહ્મરાત્રિ કહે છે. તેતાલીસ લાખ, વીસ હજાર વર્ષની એક 'ચતુર્યુગી' થાય છે. એક બ્રહ્મદિનમાં એક હજાર ચતુર્યુગીઓ હોય છે. આ ચતુર્યુગોનાં નામ આ પ્રમાણે છે : સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ. આ ચારે યુગ મળીને એક ચતુર્યુગી બને છે. આમ, કલિયુગ પણ સમયનો એક વિભાગ જ છે. માટે આ યુગ સારો હતો કે આ યુગ ખરાબ છે એમ માનવાનું કોઈ જ કારણ નથી. હા, આ યુગોની સમયઅવધિમાં ન્યુનાધિકતા જરૂર છે. (ક્રમશઃ)

ઓલ ઈન્ડીયા વાડો-કાઈ કરાટે-ડો એશોસિએશન દ્વારા

# આણંદ જિલ્લા કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૩ સંપન્ન




આણંદ

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એશોસિએશનની આણંદ શાખા દ્વારા તા.૨૭.૧૦.૨૦૧૩નો રવિવારનાં રોજ **આણંદ જિલ્લા વાડો-કાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૩** ચરોતર પ્રદેશ આર્ય સમાજ, આણંદખાતે યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં કરાટેના નિયમીત પ્રશિક્ષણ વર્ગો કુમારશાળા નં. ૧, માધ્યમિક શાળા નં.૧, વેટેનરી કોલેજ, આણંદ હાઈસ્કુલ, મીરા હોસ્પિટલ, સંસ્કાર બાલવાડી(વિદ્યાનગર), ગુરૂકૃપા રેસિડેન્સિયલ સ્પેશ્યલ સ્કુલ(લાંભવેલ રોડ) તેમજ કરાટેના શાળાકીય નિયમિત પ્રશિક્ષણ વર્ગો વી. એન્ડ સી. પટેલ ઈંગ્લીશ સ્કુલ(વી.વી. નગર), પીન્ટો સ્કુલ(બાકરોલ), સેંટ ઝેવિયર્સ સ્કુલ(ચાવડા પુરા), સરદાર પટેલ બાલશાળા(ખેતીવાડી) અને આણંદ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ(આણંદ) ના ૧૬૮ કરાટેકાઓએ કુમીતે(ફાઈટ)ની અને ૮૫ કરાટેકાઓએ કાતાની ઈવેન્ટમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

સમાપન સમારોહમાં ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા, મંત્રી શ્રી અશોકભાઈ પટેલ, આણંદ ટાઉન પી.આઈ. શ્રી પી.કે.દીયોરા, સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં ટ્રસ્ટી તથા વાડોકાઈ કરાટે અકેડમીનાં ટેકનીકલ ડાયરેક્ટર સેનસાઈ શ્રી અરવિંદ રાણા, જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ શ્રી આશાબહેન દલાલ, વિદ્યાનગર નેચર કન્ઝરવેશનનાં પ્રમુખ શ્રી ધવલ ભાઈ પટેલ, વાડોકાઈ કરાટે-ડો અકેડમીના ચિફ ઈન્સ્ટ્રક્ટર શ્રી ગૌરાંગભાઈ રાણા અને ગુરૂકૃપા રેસિડેન્સિયલ સ્પેશિયલ સ્કુલનાં ડાયરેકટર તથા સંસ્થાના આણંદ જિલ્લાના ડાયરેક્ટર શ્રી જીગ્નેશભાઈ ઠક્કર કરાટેકાઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં કરાટેકાઓની ફાઈનલ ફાઈટ્સ કરાવવામાં આવી હતી અંતે ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે વિજેતા કરાટેકાઓને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં આણંદ જિલ્લાના સિનિયર કરાટે બ્લેક બેલ્ટની ટીમએ દિવસ દરમ્યાન ઓફિસીટીંગ કરી હતી.

સમારંભના અંતે શ્રી જીગ્નેશ ઠક્કરએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા હારેલા ખેલાડીઓને મેદાનમાં ટકી રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જે ખેલાડીઓ મેદાન છોડી દે છે તેઓ ક્યારેય જીતી શકતા નથી પરંતુ જેઓ મેદાનમાં ટકી રહે છે તેઓની જીત નિશ્ચિતપણે થાય છે. તેમણે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો. તેમણે કરાટેકાઓના વાલીમિત્રોનો વિશેષ આભાર માન્યો હતો કારણકે તેઓનું પ્રોત્સાહન જ બાળકોને સક્ષમ બનાવે છે. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સહયોગી બનેલ તમામનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

## આર્યસમાજ પોરબંદર દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજાયા

ગુજરાત પ્રાંતિય આર્યપ્રતિનિધિ સભા દ્વારા વૈદિક ધર્મના પ્રચાર પ્રસાર માટે સૌરાષ્ટ્રની તમામ આર્યસમાજોમાં ભજનોપદેશક શ્રી સતીશ સુમન તથા તબલાવાદક શ્રી કૃષ્ણપાલ આર્ય (મુઝફ્ફરનગર, યુપી)ની સેવાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમના ભાગ રૂપે ગત તા. ૧૫ થી ૧૮ ડિસેમ્બર ૨૦૧૩ દરમ્યાન ચાર દિવસ માટે ભજનોપદેશક તથા તબલાવાદક પોરબંદરની મુલાકાતે આવ્યા હતા.

આર્યસમાજ પોરબંદર દ્વારા વિવિધ સ્થાનો, પરિવારો, ગામોમાં શોકસંપત્ત પરિવારોને ત્યાં પ્રાર્થના સભા યોજવામાં આવી હતી.

આ કાર્યક્રમના ભાગરૂપે સૌપ્રથમ સ્વ. દિનેશભાઈ કાનજીભાઈ જુંગીના નિવાસ્થાને, સ્વ. જીવાભાઈ કારાભાઈ સોનેરીના નિવાસસ્થાને તથા એક અલગથી શોકસભા રામદેવજી મંદિર, ચોપાટી ખાતે રાખવામાં આવી હતી.

ગોઢાણિયા છાત્રાલય પોરબંદર ખાતે લગભગ ૧૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને ભજનોપદેશ આપવામાં આવ્યો હતો. સાપ્તાહિક સત્સંગમાં લગભગ ૧૦૦ જેટલા વ્યક્તિઓએ ભજનોપદેશનો લાભ લીધો હતો. પોરબંદર અને જામનગર જીલ્લાની વિવિધ શાળાઓમાં ભજનોપદેશનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જામ ખીરસરા પ્રગતિ સ્કુલ, અડવાણા ગામ ખાતેની સ્કુલ, ગોરાણા (જામનગર) ની મંથન સ્કુલ, ઓલદરા ગામની મંથન સ્કુલ, એલાઈટ અકાદમીની હોસ્ટેલ તથા સ્કુલ ઉપરાંત કારોબારી સદસ્ય સુમેઘાબેન દ્વારા સિદ્ધિ-વિનાયક સોસાયટી, ખાતે ભજનોપદેશનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્વ. લાલજીભાઈ ગીગાભાઈ વાંદરીયાને ત્યાં પણ શોકસભા યોજવામાં આવી હતી.

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર ખાતે

# સુરક્ષા સેતુ ફેસીલીટી સેન્ટરનો શુભારંભ



ગાંધીનગર

રાજ્ય સરકારના ગુહ વિભાગ દ્વારા શરુ કરવામાં આવેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત પોલીસ અધિક્ષક ગાંધીનગર દ્વારા નાગરીકો પોતાની ફરીયાદ આપવા કે પોલીસ દ્વારા કરવામાં આવતી કામગીરી કે પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિકારીઓનો સંપર્ક કરવા ઈચ્છતા હોય તો તે તેમજ અન્ય માહિતીસભર વેબસાઈટ www.gandhinagarpolice.com નું લોન્ચીંગ તથા સુરક્ષા સેતુ ફેસીલીટી સેન્ટરનું ઉદ્ઘાટન ગાંધીનગર રેન્જ વડા શ્રી આર. આર. ભગત, ડીઆઈજી ગાંધીનગર રેન્જના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ફેસેલીટી સેન્ટર દ્વારા નાગરિકો દ્વારા કરવામાં આવેલા અરજી બાબતે અરજીનું સ્ટેટસ તેમજ તપાસ કરનાર અમલદારનું નામ તથા સંપર્ક નંબર નાગરિકોને એસએમએસ પોર્ટલ દ્વારા આપવામાં આવશે. અરજી તપાસમાં એક માસની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ સમય મર્યાદામાં જો અરજીનો નિકાલ નહિં થાય તો તે અંગેની જાણ જે તે એસ.ડી.પી.ઓ. ને કરવામાં આવશે. પાસપોર્ટ પી.સી.સી. સર્ટી. માટે તથા હથિયાર કે અન્ય લાયસન્સની અરજી બાબતે પણ માહિતી આપવામાં આવશે. આ કામગીરી માટે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ખાસ ભરતી કરવામાં આવેલ ત્રણ કો-ઓર્ડિનેટર દ્વારા કરવામાં આવશે.

ઉપરાંત હાલમાં ઈન્ટરનેટના વપરાશને કારણે મહિલાઓને સતામણી કે બદનામ કરતા તથા નેટ દ્વારા ચીટીંગના બનાવો અટકાવવા માટે ઈ-સીક્યુરીટી અવેરનેશ વધારવા તથા ગુન્હો બનતો રોકી શકાય તે હેતુથી મહિલાઓએ કેવી તકેદારી રાખવી જોઈએ તેની વિઝયુલાઈઝ માહિતી આપતી સીડી પણ તૈયાર કરવામાં આવી છે. આ સીડીમાં ફેસબુક, નેટ બેકીંગ, મોબાઈલ સીક્યુરીટી, વોટસએપ તેમજ એટીએમ વાપરતી મહિલાઓ માટે ખૂબ જ ઉપયોગી માહિતી આપવામાં આવી છે. આ વિડિઓ સી.ડી. દ્વારા ફેસબુક એકાઉન્ટમાં પાસવર્ડ બદલવા, ફોટો કે લોકેશન અપડેટ કરવાના ભયસ્થાન તથા સેફટી વધારવા માટે ખૂબ જ મહત્વની ટીપ્સ, એ.ટી.એમ. તથા નેટ બેકીંગના સુરક્ષિત ઉપયોગ તથા આપત્તીની પળોમાં મહિલા હેલ્પલાઈન કેવી રીતે ઉપયોગી બને તેની વિસ્તૃત માહિતી આપવમાં આવી છે. આગામી દિવસોમાં ગાંધીનગર જીલ્લાની તમામ શાળા, કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ આ વિડિયો સીડીને પ્રદર્શિત કરવામાં આવશે અને વિદ્યાર્થીનીઓને જાગૃત કરવાનો પ્રયાસ હાથ ધરાશે એમ પોલીસ અધિક્ષક શ્રી શરદ સિંઘલે જણાવ્યું છે.

ઓ૩મ્
अस्माकं वीरा उत्तरे भवन्तु
**અગ્નિપથ**

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

# આર્યસમાજ માટે પડકારરૂપ એવા ઢોંગી ગુરુઓનો વધારે શક્તિથી સામનો કરવાનો સમય પાકી ગયો છે

## મોટો કોણ ? પરમાત્મા કે ગુરુ ?

લેખક : જગદિશચંદ્ર 'વસુ' ૪ અનુ. - વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

કાર્યક્રમનો પ્રારંભ થયો. માતાઓ અને બહેનોએ ગુરુભક્તિનાં બે-ત્રણ ગીત ગાયાં. પછી મેં વિશ્વાનિ દેવ મંત્રથી શરૂ કરી ત્રીસ મિનિટ સુધી પ્રવચન કર્યું. પછી મહાત્માજી ચાલીસ મિનિટ સુધી બોલ્યા. ઉપદેશમાં તેમણે કહ્યું કે - ગુરુ વગર મોક્ષ મળી શકે નહિં. જે સ્ત્રી પુરુષો ગુરુ કરે છે અને ગુરુને તન, મન, ધન અર્પણ કરે છે તે અનેક અનેક જન્મ સુધી ઉત્તમ સુખોને પ્રાપ્ત કરે છે અને પરમગતિને પ્રાપ્ત થાય છે. ભાષણનો સાર આવો જ હતો. પછી મહાત્માજીની આરતી ઉતારવામાં આવી. બધાએ આસકા લીધી. આરતીમાં ૭૦-૮૦ રૂપિયા ભેગા થયા. પછી એક નવયુવતીએ મહાત્માજીના પગ ધોયા અને એ પાણીને તાંબાના વાસણમાં લઈને ત્યાં ઉપસ્થિતિ રહેલા બધા ભાઈ બહેનોને ચરણામૃતના રૂપમાં વહેંચવામાં આવ્યું, અને બધાએ એ ચરણામૃતનું પાન કર્યું. પછી મહાત્માજીને એક થાળીમાં ભોજન પીરસવામાં આવ્યું. ભોજન એટલા બધા પ્રમાણમાં હતું કે ૪-૫ મનુષ્ય જમી શકે. મારા માટે પણ થાળીમાં ભોજન આવ્યું, અમે બંને એ જમવાની શરૂઆત કરી, હું જમી રહ્યો પરંતુ મહાત્માજી હજી જમતા હતા. જમવામાં તેમને અર્ધો કલાક થયો. એમણે ઘણી વસ્તુઓ એઠી રહેવા દીધી. તે એઠી વસ્તુઓ માતાઓ અને બહેનોએ ઘણી શ્રદ્ધા સાથે પ્રસાદરૂપે ખાધી. પછી મહાત્માજીના ચરણસ્પર્શ કરીને બધી માતાઓ અને બહેનો જતી રહી. આવો સત્સંગ સાત દિવસ સુધી ચાલ્યો.

વાંચનારોઓની જાણ માટે આ એક દાખલો આપ્યો છે. એવા ઘણા દાખલા આપી શકાય છે. આ દાખલાઓથી ખબર પડે છે કે આજે પણ આપણા દેશમાં કેટલા પ્રમાણમાં ગુરુડમ અને પાખંડ ચાલી રહ્યું છે. આવી રીતે પુરુષો અને સ્ત્રીઓ પાખંડી ગુરુઓની જાળમાં ફસાઈને તેમનું એઠું ખાઈને પોતાની જાતને ધન્ય માની રહ્યા છે.

ગુરુનું માહાત્મ્ય વધારવા માટે આ ઢોંગી ગુરુઓ ભોજન સમારંભોમાં, ભોજનમાં પોતાનું એઠું રહેવા દે છે. આ એઠી વસ્તુઓ શિષ્ય શિષ્યાઓને વહેંચવામાં આવે છે. શિષ્ય અને શિષ્યાઓ એને પોતાનું અહોભાગ્ય માને છે. ગુરુની એઠી પ્રસાદી ખાઈને ધન્યતા અનુભવે છે.

સ્વામી દયાનંદે સત્યાર્થ પ્રકાશના દશમા સમુલ્લાસમાં લખ્યું છે -

પ્રશ્ન - શું એક સાથે એક થાળીમાં જમવામાં દોષ છે ?

ઉત્તર - દોષ છે કારણ કે એક બીજાનો સ્વભાવ અને પ્રકૃતિ જુદી હોય છે કોઢી વગેરેની સાથે જમવાથી સારા મનુષ્યનું લોહી પણ દૂષિત બની જાય છે. એ રીતે જ બીજાની સાથે જમવાથી કંઈ ને કંઈ દોષ થાય છે સુધાર થતો નથી તેથી -

**નોચ્છિષ્ટં કસ્યચિદ્ દદ્યાત્, નાદ્યાચ્ચૈવ તથાન્તરા ।**
**ન ચૈવાત્યશનં કુર્યાત્ ન ચોચ્છિષ્ટ: કવચિત્ વ્રજેત્ ॥**

(મનુસ્મતિ ૨.૫૬)

"કોઈને પણ પોતાનું એઠું આપે નહિં કોઈ જમતો હોય તેની સાથે ખાવું નહિં, વધારે પડતું પણ ન ખાવું જોઈએ. ભોજન કર્યા પછી હાથ મોં ધોયા વગર કોઈ જગ્યાએ જવું નહિં." આ રીતે આપણા ધર્મશાસ્ત્ર એઠું ખાવાની ના પાડે છે. તેથી આપણે કોઈનું એઠું ખાવું ન જોઈએ પછી એ એઠું ગુરુનું હોય કે બીજા કોઈનું હોય.

**સૌ પ્રથમ ઋષિ દયાનંદે કુંભના મેળામાં હરિદ્વારથી આગળ ઋષિકેશ પાસે પાખંડ ખંડિની પતાકા લેહરાવીને પાખંડની વિરૂદ્ધ મોટો સંઘર્ષ શરૂ કર્યો હતો. આર્યસમાજે આ પ્રવચનો ટ્રેક્ટો અને પુસ્તકો દ્વારા પાખંડનો વિરોધ કર્યો છે.**

જો ગુરુઓ, મઠાધીશો, પૈગમ્બરો મુજાવિરો અને ભવિષ્યવેત્તાઓના કાર્યો ઉપર વિચાર કરવામાં આવે તો ખબર પડશે કે ઘણા મત મતાંતરોની સ્થાપના કરનાર પણ એવા જ ચાલાક અને હોશિયાર મનુષ્યો હતા. તે અંધવિશ્વાસની જાળ પાથરીને મનુષ્યોને ઘેટાં બકરાં બનાવતા હતા. લોકો પણ વિવેક બુદ્ધિથી વિચાર્યા વગર તેમની મિથ્યા વાતો ઉપર વિશ્વાસ રાખતા હતા. હજારો ઠગ, સંન્યાસી-સાધુ, પાખંડી ઢોંગીઓ ગુરુનો વેશ ધારણ કરીને શહેરો અને ગામોમાં ફર્યા કરે છે અને લોકોને દગો દઈને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે. આવા ગુરુઓથી આપણે સાવધાન રહેવું જોઈએ.

ખરી રીતે તો મનુષ્યે અષ્ટાંગ યોગ પ્રમાણે યોગવિદ્યા શીખીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ. તે પરમપિતા પરમાત્માને જ ગુરુ માનીને તેની જ સ્તુતિ પ્રાર્થના ઉપાસના કરવી જોઈએ.

ઉત્તમ શિક્ષણ આપનાર ગુરુઓનું ખાનપાન વગેરેથી સમ્માન કરવું જોઈએ. પરંતુ અલ્પજ્ઞ જીવાત્મા મનુષ્ય કોઈ કાળે પરમેશ્વર બની શકતો નથી. એ હંમેશા યાદ રાખવું.

સૌ પ્રથમ ઋષિ દયાનંદે કુંભના મેળામાં હરિદ્વારથી આગળ ઋષિકેશ પાસે પાખંડ ખંડિની પતાકા લહેરાવીને પાખંડની વિરુદ્ધ મોટો સંઘર્ષ શરૂ કર્યો હતો. આર્ય સમાજે પણ પ્રવચનો, ટ્રેક્ટો અને પુસ્તકો દ્વારા પાખંડનો વિરોધ કર્યો છે. વૈદિક તોપ શ્રી પં.મનસારામજીએ પૌરાણિક પોલ પ્રકાશ નામનો મોટો અદભુત ગ્રંથ લખીને પૌરાણિકોની બધી પોલ ઉઘાડી પાડી છે. કાસગંજ (ઉત્તર પ્રદેશ)ના ડો.શ્રીરામ આર્યે ૬૦ થી વધારે ટ્રેક્ટ અને પુસ્તકો દ્વારા પાખંડોનું ખંડન કર્યું છે. સાર્વેદેશિક સભાના પ્રધાન સ્વામી શ્રી આનંદ બોધજીએ બ્રહ્માકુમારી મતનું ખંડન કર્યું છે. સ્વ. પૂજ્ય અમર સ્વામીજીએ 'નિર્ણય કે તટપર' નામથી જૂના શાસ્ત્રાર્થો વિષે ગ્રંથ પ્રકાશિત કર્યા છે. ચોથો ભાગ થોડા વખતમાં પ્રકાશિત થશે.

આ પ્રમાણે ઘણો પ્રચાર કર્યા છતાં ભારતમાં નવા નવા પાખંડી ગુરુઓ પોતાની જાળ પથારીને ભોળા લોકોને ભરમાવ્યા કરે છે. આજે મોટા શહેરોમાં ગલીએ, ગલીએ ઢોંગી ગુરુઓ અડ્ડો જમાવીને બેસી ગયેલા દેખાય છે. આ બધું આર્યસમાજ માટે પડકાર રૂપ છે. આપણે એનો સામનો વધારે શક્તિથી કરવાનો સમય પાકી ગયો છે. **(સંપૂર્ણ)**

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com